## અન્ય આકર્ષણો

### અક્ષરધામ હાટ




અહીંથી આપ વિવિધ ભાષાઓમાં પ્રકાશિત સંસ્કારપ્રેરક આધ્યાત્મિક સાહિત્ય, ઓડિયો-વીડિયો પ્રકાશન, સ્નેહીઓને ભેટ આપવા યોગ્ય સ્મૃતિ-ચિહ્નો, પૂજા સામગ્રી, અમૃત હર્બલ કેર ઔષધિઓ વગેરે ખરીદી શકો છો.


### પ્રેમવતી આહારગૃહ



શુદ્ધ, સાત્ત્વિક અને શાકાહારી ભોજન તથા અલ્પાહારની અહીં સુવિધા છે. ઉત્તર અને દક્ષિણ ભારતીય વાનગીઓ સાથે ગુજરાતી લહેજતદાર વાનગીઓ જેવી કે સ્વામિનારાયણ ખીચડી, ખમણ વગેરે પણ અહીં પ્રાપ્ય છે.



### પ્રેરણામૂર્તિ અને સર્જક



'પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં આબાલવૃદ્ધ સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૨૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન મહંત સ્વામી મહારાજ એક પવિત્ર સંતવિભૂતિ છે. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા જેવા અનેક સદ્‌ગુણો ધરાવતા મહંત સ્વામી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

### સંવાહક : બી.એ.પી.એસ. સ્વામિનાયણ સંસ્થા

સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણ અને સંચાલનનું ઉત્તરદાયિત્વ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ નિભાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા માન્યતા પ્રાપ્ત આ સંસ્થા એક આંતરરાષ્ટ્રીય સામાજિક-આધ્યાત્મિક સંસ્થા છે. સંસ્થાનાં ૧૮,૦૦૦થીય વધુ સત્સંગ સભાકેન્દ્રો, ૧૦૦૦થીય વધુ સુશિક્ષિત નવયુવાન સંતો, ૫૫,૦૦૦ સ્વયંસેવકો અને લાખો હરિભક્તોનો સમુદાય શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ, સામાજિક, નૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આદિ અનેક ક્ષેત્રોમાં સેવારત રહે છે.

## આવશ્યક સૂચનાઓ

### મંગળવારથી રવિવાર પરિસરનો સમય :
### (પ્રત્યેક સોમવારે સંપૂર્ણ બંધ)

**મંદિર-દર્શન :** સવારે ૯:૩૦ થી સાંજે ૭:૩૦ (નિ:શુલ્ક)

- દર્શન
- સ્વામિનારાયણ દર્શન
- પ્રસાદી મંડપમ્

**મંદિર-આરતી :** સવારે ૧૦:૦૦ વાગ્યે અને સાંજે ૬:૩૦ વાગ્યે

**પ્રદર્શન :** પ્રવેશ સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૩૦ (સશુલ્ક)

**નીલકંઠ અભિષેક મંડપમ્ :** સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૦૦

**રમત-ગમત :** બપોરે ૧૨:૦૦ થી રાત્રે ૮:૦૦ (સશુલ્ક)

**સત્-ચિત્-આનંદ વૉટર શૉ :** દરરોજ સૂર્યાસ્ત પછી (સશુલ્ક)

**પ્રેમવતી આહાર ગૃહ :** સવારે ૧૦:૦૦ થી રાત્રે ૮:૩૦ (સશુલ્ક)

(અનિવાર્ય સંજોગોમાં પૂર્વ સૂચના વગર સમયમાં ફેરફાર થઈ શકે છે.)

### પરિસરમાં સર્વથા નિષિદ્ધ છે :

■ ફોટોગ્રાફી-વીડિયોગ્રાફી ■ મોબાઈલ ફોન, કેમેરા, રેડિયો, ટેપરેકર્ડર અને અન્ય કોઈપણ પ્રકારનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો ■ બેગ તથા અન્ય સામાન ■ બહારની પેય અને ખાદ્ય સામગ્રી ■ ધૂમ્રપાન, મદિરાપાન, તમાકુ તથા અન્ય નશીલી ચીજ-વસ્તુઓ ■ અસભ્ય વસ્ત્ર પરિધાન ■ નારાબાજી અને અસભ્ય ભાષા પ્રયોગ ■ પાલતુ પ્રાણીઓ.

**અસુવિધા બદલ ક્ષમાયાચના**

### નમ્ર નિવેદન :

પવિત્ર ભાવનાઓ વહાવતા ભારતીય સંસ્કૃતિના આ પરિસરની મુલાકાત એક યાત્રા છે, જે આપને દિવ્ય પ્રેરણાઓથી ધન્ય બનાવી શકે છે. કૃપા કરી આ તીર્થધામની ગરિમા જાળવવામાં સહયોગ આપો.

**પરિસરમાં પ્રવેશ માટેના તમામ અધિકાર સંચાલનકર્તાને આધીન છે.**


**સ્વામિનારાયણ અક્ષરધામ**

'જ' રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧, ગુજરાત, ભારત.

ફોન : +૯૧ - ૯૯૯૮૯૯૯૭૦૦ / ૯૯૯૮૯૯૯૮૦૦

www.akshardham.com/gujarat

www.baps.org

E-mails:gujarat@akshardham.com
watershow@akshardham.com


## સ્વામિનારાયણ

# અક્ષરધામ

### ગાંધીનગર, ગુજરાત

સંસ્કૃતિ-તીર્થ સ્વામિનારાયણ અક્ષરધામમાં આપનું હાર્દિક સ્વાગત છે. ભારતીય કલા, પ્રજ્ઞા, ચિંતન અને મૂલ્યોનું આ એક અદ્વિતીય પરિસર છે. ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦)ની સ્મૃતિમાં રચાયેલું આ પરિસર એક સમયાતીત સર્જન છે. સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સન ૧૯૯૨માં નિર્મિત અને ૨૩ એકર જમીનમાં વ્યાપેલું આ પરિસર શાંતિ-સૌંદર્ય-દિવ્યતાનું ધામ છે.



# અક્ષરધામ મંદિર

## શ્રીહરિ-ચરણારવિંદ



પ્રવેશપીઠ પર ૧૬ માંગલિક ચિહ્નોથી અંકિત ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદ, આ પૃથ્વી પર તેમના દિવ્ય અવતરણની સ્મૃતિરૂપે સ્થાપવામાં આવ્યાં છે. શ્વેત સંગેમરમર પર શિલ્પાંકિત આ પવિત્ર ચરણારવિંદ પર ચાર શંખ દ્વારા જળધારાઓનો અભિષેક, ભગવાનનાં દિવ્ય જીવન-કાર્યને આદરપૂર્ણ ભાવાંજલિ છે.

## અક્ષરધામ મંદિર




પરિસરના કેન્દ્રમાં છે ભવ્ય અક્ષરધામ. ગુલાબી પથ્થરોથી નિર્મિત આ અદ્‌ભુત મંદિરની ઊંચાઇ ૧૦૮ ફૂટ, પહોળાઇ ૧૩૧ ફૂટ અને લંબાઇ ૨૪૦ ફૂટ છે. ૯૭ શિલ્પાકૃત સ્તંભો, ૨૨૦ પથ્થર બિંબ, ૧૭ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૮ સુશોભિત ગવાક્ષો, ૨૬૪થી અધિક કલાત્મક શિલ્પો અને નાજુક નકશીકામથી તે અલંકૃત છે. લોખંડના ઉપયોગ વગર રચાયેલું આ અદ્‌ભુત સ્થાપત્ય, પ્રાચીન ભારતીય સ્થાપત્ય પરંપરાને પુનર્જીવિત કરે છે. ગુલાબી પથ્થરોમાંથી કંડારાયેલી ૫૧૪ મીટર લાંબી પરિક્રમા ચોતરફ મંદિરના કંઠમાં પુષ્પહાર સમ શોભી રહી છે.

## હરિમંડપમ્




અક્ષરધામનો મધ્યસ્થ ખંડ એટલે હરિમંડપમ્. આ ખંડના મધ્યમાં ભગવાન સ્વામિનારાયણની ૭ ફૂટ ઊંચી ભવ્ય અને સૌમ્ય સુવર્ણમંડિત મૂર્તિ બિરાજમાન છે.

## સ્વામિનારાયણ દર્શન



મંદિરનો ઉપરનો ખંડ એટલે 'સ્વામિનારાયણ દર્શન'. સન ૧૭૮૧ થી ૧૮૩૦ દરમ્યાન ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વીને પોતાની દિવ્ય સંનિધિથી પાવન કરેલ છે. અપૂર્વ ચિત્રોના માધ્યમ દ્વારા 'સ્વામિનારાયણ દર્શન' એમના જીવનને પુનર્જીવિત કરે છે.

## પ્રસાદી મંડપમ્



અહીં ભગવાન સ્વામિનારાયણના સ્પર્શથી ચિરંતન દિવ્યતા પામેલી પ્રાસાદિક વસ્તુઓનું આકર્ષક સંગ્રહાલય છે. આ સંગ્રહાલય તેની પ્રમાણભૂતતાને લીધે શ્રીહરિના પૃથ્વી પરના ઐતિહાસિક અવતરણનું ચિરંતન સાક્ષી બન્યું છે.

# પ્રદર્શન ખંડો

## ખંડ-૧ અને ખંડ-૨ : નીલકંઠ અને સહજાનંદ — ૪૫ મિનિટ



અહીં ભગવાન સ્વામિનારાયણના જીવન અને કાર્ય દ્વારા એવાં મૂલ્યોની હૃદયસ્પર્શી રજૂઆત છે કે જેને અપનાવીને મનુષ્ય પોતાના જીવનનું, અવિનાશી સુખનું શિલ્પ કંડારી શકે છે. પળે પળે બદલાતાં અદ્યતન માધ્યમો દર્શકને જકડી રાખે છે.

## ખંડ-૩ : મિસ્ટિક ઇન્ડિયા — ૪૫ મિનિટ



'મિસ્ટિક ઈન્ડિયા' એટલે ૭ વર્ષ સુધી ખુલ્લા પગે સમગ્ર ભારતની ૧૨,૦૦૦ કિ.મી.ની પદયાત્રા કરનાર બાળયોગી નીલકંઠની સત્યગાથા દર્શાવતી મહાકાવ્ય સમી ફિલ્મ. ૧૦૮ સ્થળો પર ફિલ્માંકન પામેલી અને ૪૫,૦૦૦ પાત્રોના સમાવેશવાળી આ ફિલ્મ ભારતનાં તીર્થો, ઉત્સવો, પરંપરાઓ અને ઉચ્ચ મૂલ્યોની એક અદ્‌ભુત યાત્રા કરાવે છે.

## ખંડ-૪ : પ્રેમાનંદ — ૪૫ મિનિટ



### ભારતીય સંસ્કૃતિનો શાશ્વત સંદેશ

અહીં ઉપનિષદ, રામાયણ અને મહાભારતનાં ત્રિપારિમાણિક દૃશ્યો દ્વારા ભારતીય સંસ્કૃતિનો શાશ્વત સંદેશ પ્રસ્તુત થાય છે.



### વિશ્વધર્મ સંવાદિતા

અહીં વિશ્વધર્મોનાં પ્રતીકચિહ્નો, શાસ્ત્રો, તીર્થો, આચારસંહિતા અને પ્રાર્થનાની સુંદર રજૂઆત સર્વધર્મ સંવાદિતા કેળવવાની પ્રેરણા આપે છે.




### ભક્ત કવિઓ

અહીં દર્શકને ભારતના કેટલાક મહાન ભક્ત કવિઓના જીવન-કવનની પ્રેરક ઝલક માણવા મળે છે.

## ખંડ-૫ : સંત પરમ હિતકારી — ૧૫ મિનિટ

એક અદ્‌ભુત આધ્યાત્મિક પ્રેરણા આપતો ઓડિયો-એનિમેટ્રોનિક્સ શૉ. ૨૦૦ વર્ષ પહેલાંનાં પાત્રો, વાતાવરણ, ભૂતકાળ અને ઘટનાઓ અહીં જીવંત બને છે અને શાશ્વત સુખનું રહસ્ય ઉદ્‌ઘાટિત કરે છે.



# નીલકંઠ અભિષેક મંડપમ્



## અભિષેક વિધિની ભાવના

જળ અભિષેક વિધિ એક પ્રાચીન ભારતીય પરંપરા છે જે ભગવાન અને મહાપુરુષો પ્રતિ એક આદરાંજલિ છે. આ વિધિ સુખ, શાંતિ અને માંગલ્યની કામના માટે કરવામાં આવે છે.

## સ્વામિનારાયણ અક્ષરધામમાં અભિષેક

ભારતમાં આજે પણ મહિમામંડિત એ પ્રાચીન પરંપરા અનુસાર આ અભિષેક મંડપમાં તપોમૂર્તિ ભગવાન સ્વામિનારાયણ અર્થાત્ બાલયોગી શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિ પર પવિત્ર જળથી વિધિવત્ શ્રદ્ધાપૂર્ણ અભિષેક કરવામાં આવે છે.

## અભિષેક પ્રાર્થના

આ પવિત્ર અભિષેક વિધિ દ્વારા શ્રી નીલકંઠવર્ણીના કલ્યાણકારી ગુણો તપ, સંયમ, સેવા, નિશ્ચલતા, નિર્ભયતા, નમ્રતા, પ્રેમ આદિ આપણા સર્વેના જીવનમાં આત્મસાત્ થાય અને સર્વેની પ્રાર્થનાઓ તેમજ મંગલ કામનાઓ પરિપૂર્ણ થાય એ જ અભ્યર્થના.

## Sat-Chit-Anand WATERSHOW

fire fountains lasers mantras projections

અહીં છે - **આશ્ચર્ય જ આશ્ચર્ય**

જ્યાં **જ્વાળાઓ જળ બનીને** વિસ્તરે છે, અને **જળ જ્યોતિની જેમ** ઝળહળે છે

જ્યાં **અજવાળાં અવાજ બનીને** ફેલાય છે અને **રંગમાળ સંગીત બનીને** ઊછળે છે

જ્યાં **લેસર કિરણો લયબદ્ધ નર્તન** કરે છે અને **ખડકો ખળખળ થઇને** પીગળે છે

જ્યાં **પ્રાચીન જ્ઞાનનાં અજવાળાં** અર્વાચીન **સિતારાઓને ઝગમગાવે** છે

જ્યાં **વિજ્ઞાન** અને **અધ્યાત્મ** મૈત્રી સાધે છે,



**સમય** થંભી જાય છે, **મનના દ્વાર** ખૂલી જાય છે,

અને

હજારો વર્ષ પૂર્વેની પ્રાચીન ભારતીય **ઉપનિષદની**

મહાન સત્યકથા અહીં જીવંત બને છે,

અને અગમ્ય **આધ્યાત્મિક રહસ્યોની કેડી ઊઘડી જાય છે...**


સમયાવધિ : ૪૫ મિનિટ<br>
સમય : દરરોજ સૂર્યાસ્ત પછી (સોમવાર સિવાય)